## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૮/૦૬/૨૦૨૬ થી તા.૧૪/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહ દરમિયાન જૂનાં મિત્રોની મુલાકાત થાય. ઉત્સાહજનક સમાચાર મળે. નવા રોકાણમાં યોગ્ય માર્ગદર્શનથી લાભ થાય. જીવનસાથી-મિત્રો વગેરેના સાથથી સામાજિક કામ, સંતાનો અને જીવનસાથીનાં કામ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. પરિવારની મદદથી નવા પ્રોજેક્ટમાં કામ કરવાની તક મળે. પોતાની બુદ્ધિ અને ક્ષમતાની પહેચાન થાય. વાણી પર કાબૂ રાખવો. ગુસ્સો વધશે.

**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહ નવી તકો પૂરી પાડનાર રહેશે. નોકરી-ધંધામાં પ્રગતિની સાથે અટકેલાં કામ પાર પડે. વડીલો-ઉપરી વર્ગનો સાથ મળે. મિલકત બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓની મહેનત અને મૂંઝવણ વધશે. નવાં મિત્રોથી સાવધાન રહેવું. આર્થિક રોકાણમાં ધીરજ રાખવી. પ્રવાસ દરમિયાન કોઈની વાતોમાં આવવું નહીં. પ્રેમ પ્રકરણ અશાંતિજનક રહે. સમાજ અને જાહેર જીવનમાં તક મળશે. પારિવારિક પ્રશ્નો સતાવે.

**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં પિતા સાથે ઘર્ષણ ટાળવું. ભાઈ-બહેનોનો સાથ મળે. પારિવારિક પ્રશ્નો સતાવશે. વિદ્યાર્થીઓએ નવું શીખવા તૈયાર રહેવું જોઈએ. આર્થિક બાબતે પ્લાનિંગ કરવું હિતાવહ રહેશે. નવાં કામ કરવાની તક મળે. નોકરીમાં ટીમ વર્કમાં પ્રભાવ વધે. ઉપરી વર્ગનો સાથ મળે. મિત્રો સાથે વિવાદ થાય. સ્વાર્થી લોકોથી દૂર રહેવું. બહારના કામનો બોજ વધશે. સંતાનોથી અશાંતિ થાય.

**કર્ક (ડ,હ):** સપ્તાહ દરમિયાન પડવા-વાગવા અને ખાવા-પીવા બાબતે સાવધાની રાખવી. ધાર્મિક પ્રવાસ થાય. સત્સંગથી શાંતિ મળે. યાત્રા-પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. અટકેલાં કામ પાર પડે. આત્મવિશ્વાસ વધશે. વડીલોનો સાથ મળે. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. મોજ-શોખના ધંધામાં પ્રગતિ થાય. નવા રોકાણ કરવામાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. પ્રેમમાં ગેરસમજ થાય. આવક વધે.

**સિંહ(મ,ટ):-** ચાલુ વીકમાં ભાગીદારી, સમાજ અને પરિવારનાં કામ વગેરેમાં લાગણી પર કાબૂ રાખવો. રોજના કામનો બોજ વધશે. કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. ઉઘરાણી આવી શકે છે. ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. સરકારી કામમાં ગફલત કરવી નહીં. પિતા સાથે વિવાદ થાય. વેપાર-ધંધા અને ઉચ્ચ શિક્ષણ બાબતે અનુકૂળતા વધશે. જાહેર જીવનમાં સાવધાની રાખવી.

**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં સરકારી નોકરિયાતે લાલચથી બચવું. હરીફોની હેરાનગતિ વધશે. માતા અને મોસાળ પક્ષ સાથે ઘર્ષણ થાય. નોકરીમાં જવાબદારી વધે. ભાગીદારો સાથે તાલમેળ ઓછો રહે. દાંપત્યજીવનમાં કડવાશ વધશે. અચાનક શુભ સમાચાર મળે. વારસા બાબતે પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. રોજની આવક વધશે. આગ, પાણી, અકસ્માત, નોકરચાકરથી સાવધાન. ખર્ચા વધશે.

**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં વિદ્યાર્થીઓની અશાંતિ અને મહેનત વધશે. ટેકનોલોજીનો લાભ મળે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. વાદ-વિવાદ ટાળવો. અચાનક જૂના રોકાણનો લાભ મળે. નોકરીમાં લક્ષ્ય પ્રાપ્તિની તક મળે. સરકારી કામ થાય. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવું. રોજનાં કામ અને આરોગ્ય બાબતે સાવધાન રહેવું તથા પડવા-વાગવાથી સંભાળવું.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં સંબંધીઓ અને સહકર્મીઓનો ઉત્સાહજનક સાથ મળશે. પારિવારિક પ્રશ્નો હલ થાય. જીવનસાથી, સંતાનો બાબતે યોજના બને. નવાં મિત્રોથી સાવધાન. પ્રેમમાં વિશ્વાસ વધશે. ભેટ સોગાદની આપ-લે થાય. વિદ્યાર્થીઓની મહેનત વધશે. શેર-બજારમાં રોકાણથી લાભ થાય. વિદેશમાં અભ્યાસની યોજનાને મદદ મળશે. નોકરી-ધંધામાં હરીફો ઉપર હાવી થશો. નિડર બનશો.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દરમિયાન તમારા કામની પ્રશંસા થાય. આત્મવિશ્વાસ વધશે. પોતાનું લક્ષ્ય પાર પાડવામાં મિત્રો ભાઈ-બહેનોની મદદ મળશે. પરિવારમાં તાલમેળથી સમસ્યાનું સમાધાન થાય. નવાં ઘર, વાહનની અનુકૂળતા થાય. પ્રોપર્ટી કે મકાન ખરીદતી વખતે સાવધાન રહેવું. આવક વધારવાની યોજના બને. વિદ્યાર્થીઓએ સખત મહેનત કરવી પડશે. પ્રેમમાં ધીરજ રાખવી. ખર્ચા વધશે.

**મકર (ખ,જ):-** ચાલુ વીકમાં પરિવારમાં તાલમેળ ઓછો રહેવાથી માનસિક તણાવ રહેશે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન, ટેકનોલોજી, લેખન, દલાલી જેવા કામમાં આવક વધશે. હાથ પરનાં કામમાં મિત્રોની મદદ મળે. વાહન, મકાનની યોજનામાં વિઘ્નો આવે. જમીન-ખેતીને લગતાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. શેર બજારમાં રોકાણ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ):-** ચાલુ વીકની શરૂઆત આત્મવિશ્વાસથી થાય. સમાજ કુટુંબનાં કામ પાર પડશે. નોકરી-ધંધામાં અચાનક તક મળશે. પ્રવાસમાં ધીરજ અને સાવધાની રાખવી. આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાનું બનશે. પારિવારિક પ્રશ્નો હલ થાય. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. દલાલી અને માર્કેટીંગના કામમાં સફળતા મળે. ક્રિએટીવ પ્રવૃત્તિથી યશ મળે.

**મીન (દ,ચ,ઝ,થ)** સપ્તાહની શરૂઆત આરોગ્યની પ્રતિકૂળતાથી થાય. પરિવારની મદદથી અટકેલાં કામ પાર પડે. વિદેશથી શુભ સમાચાર મળે. નોકરીમાં નવી જવાબદારી મળે. પરિવારમાં ઉત્સાહજનક ધાર્મિક વાતાવરણ રહે. ઘરમાં અવરજવર વધશે. ખર્ચા વધશે. જૂનાં મિત્રો-સંબંધીઓને મળવાનું બને. ભાગીદારીમાં તાલમેળથી નવા નિર્ણય પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધે.

## કર્ક રાશિમાં અતિચારી ગુરુનું ભ્રમણ

જ્યોતિષશાસ્ત્રમાં સૌથી શુભ માનવામાં આવતા દેવગુરુ બૃહસ્પતિ તા.02-06-2026થી વહેલી સવારથી પોતાની ઉચ્ચ કર્કમાં અને શુભ નક્ષત્ર પુનર્વસુમાં પ્રવેશની સાથે ઉચ્ચ અંશાત્ક પુષ્યનક્ષત્ર તરફ પ્રયાણ લગભગ 19-08-2026 સુધી પુષ્ય નક્ષત્રમાં ગુરુદેવની હાજરી રહેશે. ત્યાં સુધીનો સમય ગુરુની ઉચ્ચ કર્ક રાશિ માટે અન્ય રાશિઓ માટે પણ શુભ રહેશે. નભો મંડળના આ શુભ ગ્રહનું શુભ ફળ ખાસ કરીને કર્ક રાશિમાં આશ્લેષા નક્ષત્રમાં હોય ત્યાં સુધી જેવું જોઈએ એવું મળતું નથી. માટે આશ્લેષા અને કર્ક રાશિના ગુરુને ગંડાત દોષ લાગે છે માટે જેમની કુંડલીમાં ગુરુ કર્ક રાશિમાં ઉચ્ચનો હોય અને જો તે આશ્લેષા નક્ષત્રમાં હોય તો મોટા ભાગે સામાન્ય ફળ મળે છે અને ઘણી વખત નકારાત્મક ફળ જોવામાં આવે છે તેમાં પણ સ્ત્રી વર્ગની કુંડલીમાં આશ્લેષા અને મઘા નક્ષત્રના ગુરુનું ફળ પ્રતિકૂળ રહે છે. તા. 02-06-2026ની વહેલી સવારે ગુરુએ કર્કમાં પ્રવેશ કર્યો ત્યારે ચંદ્ર મૂળ નક્ષત્ર અને ધન રાશિમાં હોવાથી ગુરુ ચંદ્રથી બનતા અશુભ યોગો માનો એક શકટ નામનો અશુભ યોગ બનતો હતો. જે દેશ અને દુનિયા માટે શુભ સંકેત નથી. ગુરુના શુભ ફળ માટે કોઈ પણ કુંડલીમાં ગુરુ-ચંદ્રનો શુભ યોગ થવો જરૂરી છે અને જો તે ન હોય તો પરિણામ ચિંતાજનક હોય છે.

શકટ યોગ સાથે રાશિ બદલતા ગુરુદેવ હાલ, અતિચારી અવસ્થામાં છે. સામાન્ય રીતે ગુરુ એક રાશિમાં બારથી તેર માસ સુધી ભ્રમણ કરતા હોય છે. જ્યારે આ વખતે મે 2025 થી ઝડપી ચાલથી ઝડપી-ઝડપી રાશિ બદલે છે. આના કારણ 31-10-2026 થી સિંહ રાશિ અને મઘા નક્ષત્રમાં પ્રવેશ કરશે અને 25-01-2027 થી વક્રી અવસ્થામાં પાછા કર્ક રાશિ અને આશ્લેષામાં પ્રવેશ કરશે માટે જે શુભ ફળ આપનાર ગ્રહ છે તેમની આ અતિચારી અવસ્થા દરમિયાન નકારાત્મક ફળ વધુ જોવા મળશે અને તે પણ અણધાર્યા અને ઝડપી રીતે.

જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે જ્યારે ક્રૂર ગ્રહ વક્રી થાય અને શુભ ગ્રહ અતિચારી બને ત્યારે દેશ અને દુનિયામાં અસામાન્ય ઘટના ખૂબ જ તેજ કે ઝડપી ગતિએ અચાનક સામે આવે છે. તે શુભ અને અશુભ એમ બંને અસરને ખૂબ જ પ્રબળ બનાવે છે માટે ગુરુના કારકત્વમાં અચાનક ફેરફાર શુભાશુભ જોવા મળશે. ગુરુ જનસમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. માનવ જાત પર ગુરુનો તેમના વિચાર, વ્યવહાર, કામ કરવાની રીત, ધર્મજ્ઞાન, બુદ્ધિ, શિક્ષણ, અધ્યાત્મ, સુખ, પ્રગતિ, સાંસારિક જીવન આર્થિક વ્યવહાર વગેરેનું પ્રતિનિધિત્વ હોવાથી સંપૂર્ણ જન સમુદાય ગુરુની ગતિ, સ્થિતિનો પ્રભાવ રહે છે. માટે જ આજકાલ દુનિયામાં જે કંઈ રાજકીય, આર્થિક, કુદરતી આફતો, યુધ્ધ, વેપાર અને રાજનીતિમાં અચાનક ફેરફાર થાય છે જેનો પ્રભાવ આબાલવૃધ્ધ પર પડે છે અને આખી દુનિયાનું વાતાવરણ ભયાનક અને ભયભીત રાખનાર જોવા મળે છે. આ અતિચારી ગુરુનો પ્રભાવ છે.

આવનાર 31-10-2026 સુધી બૃહસ્પતિ દેવનો પ્રભાવ સરકાર અને ન્યાય વ્યવસ્થા પર ખાસ જોવા મળશે. અચાનક વિપરીત પરિસ્થિતિ આવીને ઊભી રહેશે. સરકાર અને ન્યાયતંત્ર સુધારવાની કોશિશ જરૂર કરશે. પણ પરિણામ ડરાવનાર રહેશે. આપણા દેશની વાત કરીએ તો સરકાર અને ન્યાયતંત્રના કારણે અચાનક કોકરોચ જનતા પાર્ટી દેશની સામે આવીને આખા દેશને પ્રભાવિક રીતે એક પડકાર સમાન સરકાર સામે છે અને એક બીજી ઘટના જેની કલ્પના પણ ન થાય તે છે મુસલમાનો દ્વારા ગૌહત્યા પર પ્રતિબંધ લગાવવો અને ગાય-માતાને રાષ્ટ્રીય દરજ્જો આપવો જેવી માંગણી ઊઠી. આ વાસ્તવિકતાનો સામનો સરકાર કે ન્યાયતંત્ર કરી શકે તેમ નથી.

અતિચારી કર્કના ગુરુનો પ્રભાવ શિક્ષા અને કાઉન્સલિંગ ક્ષેત્ર પર સૌથી વધુ જોવા મળશે. જે વિદ્યાર્થીઓ માટે સારો અને હિતકારી રહેશે સાથે વિદ્યાર્થીઓને ભડકાવનાર પણ સાબિત થશે. સલાહકારોનો પ્રભાવ વધશે. આર્થિક વહેવારો અને શેરબજારમાં પણ જોરદાર ઉતાર-ચડાવ જોવા મળશે. ગુરુદેવ સોનાના કારક છે માટે સોનાના ભાવ વધશે. બાંધકામ ક્ષેત્ર, કૃષિક્ષેત્ર, ઓટોમોબાઈલ ઈન્ડ. મેડીકલ અને ખાદ્ય પદાર્થોની મોંઘવારી વધશે. બેંકો અને ફાઈનાન્સ વિભાગને પ્રભાવિત કરશે, જે હકારાત્મક હશે.

સ્વતંત્ર ભારતની કુંડલીમાં અતિચારી કર્કનો ગુરુ ત્રીજા ભાવમાંથી પસાર થશે. ઓક્ટોબર 2026 સુધીનો સમય સરકાર માટે પ્રતિકૂળ અને નવા ફેરફારનો રહેશે. સામાન્ય રીતે ત્રીજા ભાવમાં ગુરુનું શુભ ફળ મળતું નથી. આ ભાવ, શિક્ષણ, પડોસી, પર્યટન, પ્રવાસ, રેલવે, વાહન વ્યવહાર, કોમ્યુનિકેશન, વેપાર ઉદ્યોગ, વર્તમાનપત્રો, મિડીયા અને પ્રધાન મંડળ, સાથે જોડાયેલ છે. પ્રધાનમંડળમાં ફેરફાર થાય. શિક્ષણ ક્ષેત્ર પ્રભાવિત થાય. વિદ્યાર્થીઓનો વ્યવહાર બદલાય. પ્રવાસન ઉદ્યોગને નુકસાન થાય. તીર્થયાત્રા પર ગુરુનો પ્રભાવ છે. માટે તીર્થયાત્રીઓની મુસીબતો વધશે. પ્રવાસ અને પર્યટન બાબતે નકારાત્મક રહેશે.

ત્રીજું સ્થાન સાહસ અને ક્રાંતિનું છે. અહીં ગુરુ ઓક્ટોબર સુધી નવી ક્રાંતિને બળ આપશે. અધ્યાત્મ ધર્મનો કારક ગુરુ આ ક્ષેત્ર સાથે જોડાયેલાની લીલા બહાર લાવે અને સાચા ધર્મનિષ્ઠોને કીર્તિ મળે. નોકરી-ધંધા પ્રભાવિત થાય. નવી ક્રાંતિ દેશમાં નવું વાતાવરણ પેદા કરશે. વર્તમાન સરકારમાં ફેરફાર થાય. સામાન્ય રીતે હકારાત્મક પરિણામો કરતાં નકારાત્મક પરિણામો વધુ જોવા મળશે. નવી પાર્ટીને સફળતા મળશે.

# 7 દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય

**રાજ્યના હોટેસ્ટ શહેર**

42 ડિગ્રી — અમદાવાદ
41 ડિગ્રી — ભાવનગર
41 ડિગ્રી — રાજકોટ
41 ડિગ્રી — સુરેન્દ્રનગર
41 ડિગ્રી — ગાંધીનગર
40 ડિગ્રી — વડોદરા

**દક્ષિણ** ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

અમદાવાદ : રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાન સામાન્ય સ્તરે નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા ન હોવાનું જણાવ્યું છે. અમદાવાદમાં આવતીકાલે આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

**આજે સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં વરસાદ પડી શકે**

**8 જૂન :** સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં તેમજ દીવમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે.

**9 અને 10 જૂન :** ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.

**11 જૂન :** દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે.

**12 જૂન :** સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં તેમજ દીવમાં વરસાદની શક્યતા છે. આ ઉપરાંત છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

**13 જૂન :** વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના છે. પંચમહાલ, દાહોદ અને મહિસાગર સહિત ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તેમજ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ

**14 જૂન :** પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાંની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં હાલ ગરમીનો માહોલ યથાવત્ રહેવાની શક્યતા છે, પરંતુ આગામી સપ્તાહના ઉત્તરાર્ધમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન વરસાદી પ્રવૃત્તિ વધે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની દ્વારા યોજાયેલી

# AIBE-21માં પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ સાથે બેસતાં અટકાવ્યાં

**કામરેજ**-રાજકોટ કેન્દ્રમાંથી ફોન આવતાં બીસીજી સભ્ય ઝકી શેખે તુરંત બીસીઆઈને રજૂઆત કરી

**સામાન્ય** પરિવારનાં પરીક્ષાર્થીઓ મોંઘાદાટ પુસ્તકની ઝેરોક્ષ કરાવીને લાવ્યાં હતાં

**ઝકી** શેખની રજૂઆત બાદ બીસીઆઈ ચેરમેન મનનકુમાર મિશ્રાએ પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ સાથે બેસવા દેવાયા

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલી AIBE-21 પરીક્ષામાં સુરત તથા રાજકોટ ખાતેના પરીક્ષા કેન્દ્રો પર કેટલાંક પરીક્ષાર્થીઓને પુસ્તકની ઝેરોક્ષ (કોપી) સાથે બેસવા નહીં દેવાતાં બીસીજી સભ્ય ઝકી મુખ્તીયાર શેખે તાત્કાલિક બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાને રજૂઆત કરતાં તરત જ આ પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર ઝેરોક્ષ કોપી સાથે બેસવા દેવામાં આવ્યાં હતા.

ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશનએ સમગ્ર ભારત સ્તરની ક્વોલિફાઈંગ પરીક્ષા છે, જે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવે છે. કાયદાની ડિગ્રી (LL.B.) પૂર્ણ કર્યા પછી અને સ્ટેટ બાર કાઉન્સિલમાં નોંધણી કરાવ્યા બાદ વકીલ તરીકે કોર્ટમાં પ્રેક્ટિસ કરવા માટે આ પરીક્ષા પાસ કરવી જરૂરી છે. આ પરિક્ષા ઓપન બુક એક્ઝામ હોય છે. સુરતનાં કામરેજ ખાતેની લો કોલેજ જે પરીક્ષાનુ કેન્દ્ર હતું ત્યાં આજે બપોરે યોજાયેલી આ પરિક્ષામાં પરીક્ષાર્થીઓને ઝેરોક્ષ કોપી સાથે પ્રવેશ આપવાની ના પાડવામાં આવતાં આ પરીક્ષાર્થીઓએ બીસીજી સભ્ય ઝકી શેખનો સંપર્ક કરી પરીક્ષામાં બેસવા દેવાની અનુમતિ નહીં આપતા હોવાની ફરિયાદો કરી હતી. આ અંગે બીસીજી સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે સુરત (કામરેજ) તથા રાજકોટ ખાતેથી વ્યાપક ફરિયાદ મળી હતી.

સામાન્ય ગરીબ પરિવારનાં પરીક્ષાર્થી બુક ખરીદી શકતાં ન હોય તેઓ ઝેરોક્ષ કરાવતાં હોય છે. આ અંગે તરત જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનનકુમાર મિશ્રાને રજુઆત કરવામાં આવતાં આ રજૂઆતને ગંભીરતાથી લઈ સંબંધિત પરીક્ષા કેન્દ્રોને તાત્કાલિક સૂચના આપી, જેના પરિણામે પરીક્ષાર્થીઓને ઝેરોક્સ નકલ સાથે પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવી હતી. આ નિર્ણયના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પોતાની AIBE-21 પરીક્ષા આપી શક્યા હતા.

# 15 જૂને 1,111 ટ્રેક્ટર સાથે સુરત સહિત દક્ષિણ ગુજરાતના ખેડૂતો ગાંધીનગર કૂચ કરશે

**વીજ** ટ્રાન્સમિશન લાઈન, દેવા નાબૂદી અને જમીન સહિતના પ્રશ્નોને લઈ 15 જૂને 'ખેડૂત અધિકાર યાત્રા'નો સંગ્રામ

**'જાન દેંગે** જમીન નહીં'ના નારા સાથે દક્ષિણ ગુજરાતના આગેવાનોની સુરતના ઓરમા ગામે બેઠક યોજાઈ

સુરતઃ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પસાર થતી પાવરગ્રીડની કોર્પોરેટના લાભાર્થવાળી હાઈ વોલ્ટેજ વીજ ટ્રાન્સમિશન લાઈનોના મુદ્દે ખેડૂતોમાં વધતી જતી નારાજગી વચ્ચે કિસાન સંઘર્ષ સમિતિ, કિસાન કોંગ્રેસ અને ખેડૂત સમાજ ગુજરાતના સંયુક્ત નેજા હેઠળ આગામી 15 જૂનના રોજ ભવ્ય 'ખેડૂત અધિકાર યાત્રા' યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના આશરે 20થી 25 જિલ્લાઓમાંથી ખેડૂતો ટ્રેક્ટરો સાથે ખેડૂતો ગાંધીનગર સુધી કૂચ કરીને સરકાર સમક્ષ પોતાની વિવિધ માંગણીઓ રજૂ કરશે.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા)ના જણાવ્યા અનુસાર પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા અનેક વિસ્તારોમાં ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવ્યા વિના અથવા ખૂબ ઓછા વળતરની શરતે વીજ ટ્રાન્સમિશન લાઈનોનું કામ કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે અધિકારીઓ ખેડૂતોની સંમતિ વિના પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરી રહ્યા છે, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોનું કહેવું છે કે ટ્રાન્સમિશન લાઈનનો મુદ્દો માત્ર એક જ પ્રશ્ન નથી, પરંતુ ખેતી અને ગ્રામ્ય અર્થતંત્ર સાથે સંકળાયેલા અનેક પ્રશ્નો લાંબા સમયથી ઉકેલની રાહ જોઈ રહ્યા છે. તેમાં ખેડૂતોના દેવા માફી, જમીન સંપાદન સંબંધિત પ્રશ્નો, રી-સરવે દરમિયાન થયેલી ભૂલભરેલી જમીન માપણી, ખાતરના સતત વધી રહેલા ભાવો, ખેતીપાકને પોષણક્ષમ ભાવ અને પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.

ખેડૂત અધિકાર યાત્રાને સફળ બનાવવા માટે દક્ષિણ ગુજરાતમાં વિવિધ સ્થળોએ બેઠકો યોજાઈ રહી છે. પાનોલી, નાહિયેર-આમોદ, કારેલી-જંબુસર, ભરૂચ અને હાંસોટ ખાતે ખેડૂતો સાથે સંવાદ અને આયોજન બેઠકો યોજાઈ હતી. તેના અનુસંધાનમાં 6 જૂનના રોજ સુરત જિલ્લાના ઓરમા ગામે દક્ષિણ ગુજરાતના ખેડૂત આગેવાનોની વિશેષ બેઠક મળી હતી.

આ બેઠકમાં કિસાન કોંગ્રેસના પ્રમુખ જયેશભાઈ પટેલ (પાલ), દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા), ખેડૂત સમાજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ કરમરિયા, સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલભાઈ પટેલ, ખેડૂત આગેવાન દર્શનભાઈ નાયક, સહકારી આગેવાન વલ્લભભાઈ પટેલ, માંગરોળ તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ દિનેશસિંહ, રતિલાલ મીંઢી તથા ઓલપાડ તાલુકા ખેડૂત સમાજના પ્રમુખ કેતનભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂત સંગઠનોના જણાવ્યા અનુસાર ગાંધીનગર પહોંચ્યા બાદ ખેડૂતોનું પ્રતિનિધિમંડળ રાજ્ય સરકારને આવેદનપત્ર આપશે અને ખેડૂતોના પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની માંગ કરશે. આગેવાનોનું માનવું છે કે જો સરકાર દ્વારા યોગ્ય પ્રતિસાદ નહીં મળે તો આગામી સમયમાં રાજ્યવ્યાપી આંદોલન વધુ ઉગ્ર બની શકે છે. ખેડૂત અધિકાર યાત્રાને લઈને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં ટ્રેક્ટરો સાથે ગાંધીનગર પહોંચવાની તૈયારીઓ તેજ બની છે.

# SMCના ભ્રષ્ટ નિવૃત આસિ.ઈજનેરના એક દિવસના રિમાન્ડ

**ધરમપુરના** રસિક પટેલના ભ્રષ્ટાચારમાં ભાગીદાર અધિકારીઓની પણ તપાસ થશે

સુરતઃ ૭૦.૧૩ ટકા જેટલી અપ્રમાણસર મિલકત ધરાવતાં સુરત મહાનગરપાલિકાનાં ભ્રષ્ટ નિવૃત આસિસ્ટન્ટ ઈજનેર રસીકભાઈ મગનભાઈ પટેલને તેમના કાર્યકાળ દરમિયાન ઉપરી અધિકારી કે અન્ય કોઈ સાથી અધિકારીએ સીધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર કરવામાં મદદગારી કરી હતી કે તેની તપાસ એસીબી પોલીસ કરશે. રૂ.૬૮,૯૮,૪૯૦ની અપ્રમાણસર મિલકત ધરાવતાં આરોપી રસીકભાઈ મગનભાઈ પટેલની ગઈકાલે એસીબીએ ધરપકડ કરી હતી. તેને આજે સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. બંને પક્ષને સાંભળ્યા બાદ કોર્ટે તેમના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિતીન ચોડવડીયાએ હાજર રહી પોલીસ કસ્ટડી માટેનાં કારણો રજૂ કર્યા હતા.

**રિમાન્ડ અરજીમાં રજૂ કરાયેલા કારણો**

(1) આરોપી તથા તેનાં પરિવારના નામે સુરત પીપલ્સ બેંક, સરદાર માર્કેટ શાખા, પુણા કુંભારિયા રોડ ખાતેના બેંકમાં લોકરની ઝડતી માટે આરોપીની હાજરીની જરૂર છે.
(2) આરોપીએ પોતાની નોકરીના સમયગાળા દરમિયાન અપ્રમાણસર મિલકત કેવી રીતે ખરીદી તેનો જવાબ ફક્ત આરોપી જ આપી શકે છે.
(3) આરોપીના બેંક સ્ટેટમેન્ટ આવક જાવકની એન્ટ્રીઓની વિગતો મેળવવાની બાકી છે.
(4) ઉપરી અધિકારી કે અન્ય કોઇ સાથી અધિકારીએ સીધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર કરવામાં મદદગારી કરી છે કે કેમ ? તે તપાસ કરવાની બાકી છે.
(5) અન્ય કોઇ વ્યક્તિના નામે ગેરકાયદેસર રોકાણ અંગેની તપાસ કરવાની બાકી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

**ટ્રમ્પની AI નીતિના...**

કામ કરીશ (તેના વિશે વધુ માહિતી પછીથી આપીશ). ક્રિષ્નન ટ્રમ્પ વહીવટીતંત્રના AI એક્શન પ્લાનના મુખ્ય ઘડવૈયા હતા, જેણે આ ઉભરતી ટેકનોલોજી પરના નિયંત્રણો હળવા કરવા અને દેશભરમાં ડેટા સેન્ટર્સના નિર્માણને પ્રોત્સાહન આપવા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરી આપી હતી. તેઓ ટ્રમ્પના એવા ટેકનિકલ સલાહકારોમાં પણ સામેલ હતા જેમણે AIને નિયંત્રિત કરવાની રાજ્યોની સત્તાને મર્યાદિત કરતો એક એક્ઝિક્યુટિવ ઓર્ડર તૈયાર કર્યો હતો. ક્રિષ્નને કહ્યું, અમેરિકાના લોકોની સેવા કરવી એ કેટલું મોટું સદભાગ્ય છે અને આવો અવસર મળવા બદલ હું કેટલો કૃતજ્ઞ છું, તે શબ્દોમાં વ્યક્ત કરવું મુશ્કેલ છે. અહીં નોંધપાત્ર છે કે વ્હાઈટ હાઉસમાં ક્રિષ્નનની નિમણૂકની ટ્રમ્પના જમણેરી વિચારધારા ધરાવતા પ્રભાવશાળી લોકો, જેમ કે લૌરા લૂમર દ્વારા તીખી આલોચના કરવામાં આવી હતી. લૂમરે આક્ષેપ કર્યો હતો કે, ક્રિષ્નને ગ્રીન કાર્ડ પરની મર્યાદાઓ હટાવવા અને કુશળ વિદેશી કામદારોને યુનાઈટેડ સ્ટેટ્સમાં આવવાની પ્રક્રિયા સરળ બનાવવાનું સમર્થન કર્યું હતું, જે ટ્રમ્પના "મેકિંગ અમેરિકા ગ્રેટ અગેન"ના એજન્ડાની વિરુદ્ધ હતું.

**અમેરિકામાં પીઝા...**

વિસ્તારમાં પીઝા ડિલિવરી કરવા માટે બોલાવવામાં આવ્યો હતો. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર તન્વીએ કહ્યું કે, તે એક કાવતરું હતું. આ કાવતરું તેને મારી નાખવા માટે જ ઘડવામાં આવ્યું હતું. મને ખબર નથી કે તેઓને આમાંથી શું મળ્યું અથવા તેમનો શું ઈરાદો હતો. તેઓ મારા ભાઈને લઈ ગયા અને તેની હત્યા કરી નાખી." તન્વીએ જણાવ્યું કે, અંશુલ નોર્થ ફિલાડેલ્ફિયામાં એક મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતો હતો અને વીકેન્ડમાં પાર્ટ-ટાઈમ જોબ તરીકે પીઝા ડિલિવરીનું કામ કરતો હતો. તેના પર ગોળીબાર થયો તેના થોડા સમય પહેલાં જ તેણે એક ઓર્ડર ડિલિવર કર્યો હતો. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે, હુમલા દરમિયાન તેને ઘણી ગોળીઓ મારવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ગોળીબારની આસપાસની પરિસ્થિતિઓ, જેમાં હુમલાખોરોની સંખ્યાનો પણ સમાવેશ થાય છે, તે હજી અસ્પષ્ટ છે અને અમેરિકામાં સત્તાવાળાઓ આ ઘાતક હુમલાની તપાસ કરી રહ્યા છે.

**ભારત સાથેના સરહદી...**

બીજા દિવસે મીડિયા સાથે વાતચીત કરી હતી. આ ચર્ચા વેપાર, મહત્વપૂર્ણ ટેકનોલોજી, કનેક્ટિવિટી અને ઉર્જા સહિતના વિવિધ ક્ષેત્રોમાં સંબંધોને વધુ વિસ્તારવાના માર્ગો પર કેન્દ્રિત હતી. શુક્રવારથી શરૂ થયેલી તેમની નવી દિલ્હીની ત્રણ દિવસીય મુલાકાત નેપાળના વડાપ્રધાન બલેન્દ્ર શાહ દ્વારા બંને પક્ષો વચ્ચેના સરહદ વિવાદ પર તાજેતરમાં કરાયેલી ટિપ્પણીઓથી શરૂ થયેલા ભારે વિવાદની પૃષ્ઠભૂમિમાં આવી છે. શાહે આ મુદ્દાના ઉકેલ માટે ચીન અને યુકેની સંડોવણીનું પણ સૂચન કર્યું હતું. ભારતના ઝડપથી વિકસતા વૈશ્વિક આર્થિક અને તકનીકી પાવરહાઉસ તરીકેના પરિવર્તનને સ્વીકારતા, નેપાળના વિદેશ મંત્રીએ આ ગતિશીલ પાડોશી સાથે આ ભાગીદારીમાં પોતાની આકાંક્ષી ઉર્જાનું યોગદાન આપીને જોડાવાની નેપાળની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, અમારી પ્રાથમિક જવાબદારી કાગળ પર વચન અપાયેલા મોટા દાવાઓ અને જમીન પર વિતરિત થતી વાસ્તવિકતા વચ્ચેના અંતરને દૂર કરવાની છે, જેથી કરીને અમૂર્ત રાજકીય નિવેદનોથી દૂર રહીને માપી શકાય તેવા અને જીવન બદલી નાખનારા પરિણામો લાવી શકાય.

**પરસ્પરના મતભેદ...**

હતું કે, ૨૩ રાજકીય પક્ષોએ 'ઈન્ડિયા જનબંધન' બેઠકમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી છે, સાથે જ તેમણે દાવો કર્યો હતો કે વિપક્ષી ગઠબંધન પોતાની વિવિધતા વચ્ચે પણ એકજૂથ છે. રમેશે જણાવ્યું હતું કે, કેટલાક પક્ષોએ પોતાના અંગત કારણોસર આ બેઠકમાં હાજર રહેવા અસમર્થતા દર્શાવી છે, આમ છતાં તેઓએ મોદી સરકારની નીતિઓ અને પગલાંઓ સામે પોતાનો સખત વિરોધ વ્યક્ત કર્યો છે. જ્યારે ડીએમકે અને આપ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા નથી, ત્યારે ટીવીકેનો ગઠબંધનમાં સમાવેશ થવાની સંભાવના છે. આમ આદમી પાર્ટી (આપ)એ પહેલેથી જ જાહેરમાં ગઠબંધનથી પોતાને દૂર કરી લીધા છે, જ્યારે ડીએમકેએ તમિલનાડુમાં કોંગ્રેસ દ્વારા સંબંધો તોડી નાખ્યા બાદ અને ટીવીકેની આગેવાની હેઠળની સરકારમાં જોડાવાના નિર્ણય પછી આ બેઠકનો બહિષ્કાર કરવાની જાહેરાત અગાઉ કરી હતી.

**જંતર મંતર પ્રદર્શન...**

કથિત ગેરરીતિઓ માટે જવાબદારીની માંગ કરી રહ્યું છે. દીપકે રવિવારે સવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં એમઆઈડીસી વાલુજ વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જ્યાં તેમના પરિવારના સભ્યો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ જણાવ્યું હતું કે, કોકરોચ જનતા પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી બંધ થશે નહીં. "અમે (જંતર-મંતર ખાતે) જે વિરોધ પ્રદર્શન કર્યું હતું તે સફળ રહ્યું હતું, કારણ કે તેમાં 6,000થી 7,000 લોકો હાજર રહ્યા હતા. આ આંદોલન દેશવ્યાપી બનશે. જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે પીછેહઠ નહીં કરીએ," દીપકેએ ઉમેર્યું હતું, "આ આંદોલનને દેશભરમાં લઈ જવા માટે અમે આગળની કાર્યયોજના તૈયાર કરીશું." દરમિયાન, દીપકેના નિવાસસ્થાને સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરવામાં આવી છે.